# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ધોરણ-૧૨(સામાન્ય પ્રવાહ, ઉ.ઉ.બુ.પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમા)ના પરીક્ષાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા શાળા કક્ષાએથી તા.૧૨/૦૨/૨૦૧૯ થી ૧૪/૦૨/૨૦૧૯ દરમ્યાન લેવામાં આવેલ છે. ઉક્ત તમામ પરીક્ષાર્થીઓની પ્રાયોગિક પરીક્ષાના માર્કસ બોર્ડની વેબસાઇટ gseb.org અથવા gsebpractical.in પરથી શાળા દ્વારા ઓનલાઇન તા:૨૭/૦૨/૨૦૧૯ થી તા:૦૭/03/૨૦૧૯ દરમ્યાન ભરવાના રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમય મર્યાદામાં વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષાના માર્કસ ઓનલાઇન ભરવા જણાવવામાં આવે છે. પરીક્ષાર્થીના વિષયો બાબતે કે અન્ય કોઇ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીની સામાન્ય પ્રવાહ(ક-૧) શાખાનો જરૂરી આધારો સાથે સંપર્ક કરવાનો રહેશે.

નોંધ:- પરીક્ષાર્થીઓના માર્કસ પરીક્ષાર્થીઓને ફાળવેલ માર્ચ-૨૦૧૯ ની પરીક્ષાના બેઠક નંબર (Seat Number) ના આધારે ભરવાના રહેશે. ઓનલાઇન માર્કસ ભરવા માટેની તમામ સુચનાઓ આપની શાળાના ઇન્ડેક્ષ નંબર અને નોંધાયેલ મોબાઇલ નંબરથી લોગીન કર્યા બાદ ઓનલાઇન મળી રહેશે.

નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

સ્થળ: ગાંધીનગર
તારીખ: ૨૨/૦૨/૨૦૧૯,શુક્રવાર